જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૨૧ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૫૧૨ | ૦ | ૧૧૫૧૨ | ૧૭૬૩૧ | ૦ | ૧૭૬૩૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૮ | ૦ | ૪૭૦૮ | ૬૨૪૩ | ૦ | ૬૨૪૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૮૭ | ૦ | ૮૭ | ૩૦૩ | ૦ | ૩૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૫૩૧૧૦ | ૨૯૭ | ૫૩૪૦૭ | ૫૩૭૬૨ | ૨૯૭ | ૫૪૦૫૯ |
| કુલ | | ૬૯૪૧૭ | ૨૯૭ | ૬૯૭૧૪ | ૭૭૯૩૯ | ૨૯૭ | ૭૮૨૩૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૮ | ૨,૧૨,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૬૯ | ૧૯,૬૯,૦૦૦/- |

# ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

## ગણતરીના કલાકોમા એક આરોપીને રૂપિયા ૩૪,૫૩૫/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ખુલ્લા મકાનમાથી ઘરફોડ ચોરીના બે ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૪/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે સુર્યનગર ગરનાળા પાસેથી અ.હે.કો કુલદિપસિહ હરૂભા તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી સલીમશા મહેમુદશા દિવાન ઉ.વ ૩૧ રહે,મ.નં ૩૨ નુરનગર અબુલાઇ મસ્જીદની પાછળ વટવા અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી જુદીજુદી કંપનીના મોબાઇલ ફોન નંગ-૩ જેમા (૧) એક OPPO કંપનીનો F15 મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI નં-૮૬૩૧૧૫૦૪૪૦૩૨૪૭૪ તથા ૮૬૩૧૧૫૦૪૪ ૦૩૨૪૬૬ કિમત રૂપિયા-૧૭૮૪૮/- તથા (૨) એક VIVO કંપનીનો Y91(i) મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI નંબર 862051049477391 તથા 862051049477383 કિમત રૂપીયા 6687/-નો તથા (૩) એક રેડમી કંપનીનો નોટ-૮ પ્રો મોડલનો બ્લ્યુ કલરનો મોબાઇલ ફોન જેનો IMEI નંબર 867974049695156 કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-ના મળી કુલ કિંમત રૂપિયા ૩૪,૫૩૫/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૧૧૯૧૮/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૦ તથા પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૧૧૯૧૯/૨૦૨૧ ઇપીકો કલમ ૪૪૭,૩૭૯ મુજબના ગુના શોધી કાઢેલ છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

## ચોરીના મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો મોબાઇલ ફોન ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા મિલ્લતનગર ઢાળ પાસે આવતા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે તા ૦૨/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે આરોપી મોહસીન ઉર્ફે બમ્બૈયા ઉર્ફે કટેલી સ/ઓ ઇમરાનભાઇ શેખ ઉ.વ ૧૮ રહે,પાનવાળી ચાલી મદિના મોબાઇલ નામની દુકાનની બાજુમા ચોકીદાર બાવાની દરગાહ પાસે શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને પકડી પાડી તેની પાસેથી રિયલમી-5 પ્રો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.આઇ.નંબર 867491041222137 તથા 867491041222129 કિમત રૂપિયા ૫,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૧૮૮૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૦૬/૦૬/૨૦૨૧



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૦૯/૨૦૨૧**

**વાસણાઃ** પાર્થભાઇ રાજકુમાર કાયસ્થ (ઉ.વ.૨૭) (રહે.રીવરસાઇડ પાર્ક, એ.પી.એમ.સી. માર્કેટ સામે, વાસણા) એ તા.૦૬/૦૬/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ પાર્થભાઇના RBL બેંકના ક્રેડીટ કાર્ડની એપ્લીકેશન હેક કરી, પીન નંબર બદલી ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૪૦,૨૫૦/- ટ્રાન્જેક્શન કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મહેતા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૦૧૦/૨૦૨૧**

**ગાયકવાડ હવેલીઃ** ગીતાબહેન વા/ઓ સંજયભાઈ સોની (ઉ.વ.૫૩)(રહે.સરદારપોળ નવાવાસ, ગોળલીમડા, ખાડીયા) તા.૦૬/૦૬/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે ખમાસા જલારામ મંદિર નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન સોનીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.રાજપુત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૧૧/૨૦૨૧**

**વાસણાઃ** રક્ષાબહેન વા/ઓ ભુપેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૬૮) (રહે. નીલકંઠ રીટ્રીટ વાસણા) એ તા.૦૬/૦૬/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે ઘરકામ કરવા આવતા દિપીકાબહેન વા/ઓ રાજેશભાઇ ઠાકોર (રહે.ઠાકોરવાસ પાલડી) તા.૦૩/૦૫/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘરમાંથી રોકડ રૂપિયા ૭૭,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૨/૨૦૨૧**

**રાણીપઃ** કુસુમબહેન ડો/ઓ દિવાકર શુક્લા (ઉ.વ.૨૬)(રહે.જેલ સ્ટાફ ૨૦૦ ક્વાર્ટસ, કેશવનગર, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૦૬/૦૬/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભાવિનભાઇ મનસુખભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** નરોડા બેઠક, વિશ્વકર્મા એસ્ટેટમાં આવેલ “મોર્ડન ઇન્ડસ્ટ્રીઝ” ખાતે રહેતા રવિ સીતારામ રાજપુત (ઉ.વ.૧૫) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૧ રાતના ૧૧/૩૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી